# BUSINESS મિત્ર

## નિફ્ટીએ 25650ની સપાટી કુદાવી, રોકાણકારોને રૂ. 3 લાખ કરોડની કમાણી

# ઇન્ડેક્સ બેઝડ શેરોમાં લેવાલીથી શેરબજારમાં બાઉન્સબેક

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 16:** ભારતીય શેરબજારમાં બે દિવસના ઘટાડા બાદ આજે તેજીનું પુનરાગમન થયું હતું. જેમાં નિફ્ટીએ 25650 પોઈન્ટની સપાટી કુદાવી હતી. વૈશ્વિક મિશ્ર સંકેતોની વચ્ચે ભારતીય શેરબજાર નબળી શરૂઆત થઇ હતી. પ્રારંભિક કારોબારમાં નિફ્ટી 25400 નીચે લપસી ગયો હતો. જોકે, પ્રથમ જ કલાકમાં લેવાલી મળી હતી અને બજારમાં ઝડપી રીકવરી જોવા મળી હતી.

ભારતનો હોલસેલ પ્રાઈસ ઈન્ડેક્સ 0.83 ટકાની તુલનામાં જાન્યુઆરીમાં વધીને 1.81 ટકા પહોંચ્યો હતો. જાન્યુઆરી 2026માં ફુગાવાનો સકારાત્મક દૂર મુળભૂત ધાતુઓ, અન્ય ઉત્પાદન, બિન ખાદ્ય વસ્તુઓ, ખાદ્ય વસ્તુઓ અને કાપડના ઉત્પાદના ભાવમાં વધારાને કારણે હતો.

આજે લાર્જકેપ શેરોમાં વધુ સુધારો જોવાયો હતો. જેની સામે બ્રોડર માર્કેટમાં સુધારો રહ્યો હતો, પણ ઈન્ડેક્સ કરતા ઓછો હતો. બીએસઇ લિસ્ટેડ કંપનીઓનું કુલ માર્કેટ કેપ રૂ. 3 લાખ કરોડની વૃદ્ધિ થઇ હતી, જે રૂ. 465.46 લાખ કરોડથી વધીને રૂ. 468.47 લાખ કરોડ પર પહોંચી ગયું હતું. આમ, બીએસઇમાં 30 શેરોમાંથી 20 શેરો વધ્યા હતા,

બીએસઇ સેન્સેક્સ 650.39 પોઈન્ટ એટલે કે 0.79 ટકા વધીને 83277.15 પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો. આજે સેન્સેક્સે 83000 પોઈન્ટની સપાટી ફરીથી કુદાવી હતી. ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 83333 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 82277 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 211.65 પોઈન્ટ એટલે કે 0.83 ટકા વધીને 25682.75 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે નિફ્ટી 25650 પોઈન્ટની ઉપર બંધ રહેવામાં સફળ થઇ હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 25697 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 25372 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 762.45 પોઈન્ટ એટલે કે 1.27 ટકા વધીને 60949.10 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે સીઈ ઈન્ફો સીસ્ટમ્સ 53.98 ગણા, જેબી કેમિકલ્સ 23.01 ગણા, નેટકો ફાર્મા 14.09 ગણા, અંબુજા સિમેન્ટ 12.57 ગણા અને એરએચઆઇ મેગ્નેસીટા 9.65 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે નેટકો ફાર્મા 30.19 ગણા, અકુમ ડ્રગ્સ 21.84 ગણા, આરએચઆઇ મેગ્નેસીટા 9.47 ગણા, બ્રેઈનબીઝ સોલ્યુશન્સ 7.68 ગણા અને આઈનોક્સ વીન્ડ 6.18 ગણા કામકાજ નોંધાયા છે.

રિયલ્ટી શેરોમાં તેજી સાથે નિફ્ટી રિયલ્ટી ઈન્ડેક્સ 1.59 ટકા વધ્યા હતા. જે અગાઉના બે ટ્રેડિંગમાં 2.11 ટકા ઘટ્યો હતો. જેમાં સિગ્નેચર ગ્લોબલ, ડીએલએફ, લોઢા ડેવલપર્સ, ફોનિક્સ મીલ્સ, અનંતરાજ, ગોદરેજ પ્રોપર્ટીઝ, ઓબેરોય રિયલ્ટી, પ્રેસ્ટીજ એસ્ટેટ વધ્યા હતા.

બ્રોડર માર્કેટમાં મિશ્ર વલણ રહ્યું હતું. બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ 0.64 ટકા વધ્યા હતા, જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સ 0.16 ટકા ઘટયા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ નેગેટિવ રહ્યું હતું. બીએસઇ ખાતે 1792 શેરો વધ્યા હતા, જ્યારે 2510 શેરો ઘટયા હતા અને 194 શેરો યથાવત રહ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુરોપિયન બજારોમાં પોઝિટિવ ચાલ જોવા મળી હતી, કેમ કે રોકાણકારોએ આ વર્ષની મ્યુનિક સિક્યુરિટી કોન્ફરન્સના મુખ્ય મુદ્દાઓને પચાવ્યા હતા. કોર્પોરેટ કમાણીમાં, એરબસ, નેસલે અને રેનો આ અઠવાડિયાના અંતમાં પરિણામો જાહેર કરવાની કંપનીઓમાં સામેલ છે. જ્યારે એશિયન બજારોમાં મિશ્ર વલણ રહ્યું હતું. વેપાર પ્રવૃત્તિ સપાટ રહી હતી, જ્યારે જાપાનના નબળા આર્થિક ડેટાએ રોકાણકારોના સેન્ટિમેન્ટ પર ભાર મુક્યો હતો.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.23 ટકા, કેક 0.37 ટકા અને ડેક્સ 0.16 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.24 ટકા અને શાંઘાઇ 1.27 ટકા ઘટ્યા હતા. જ્યારે સ્ટ્રેઈટસ 0.02 ટકા, હેંગસેંગ 0.52 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

### બેઉતરફી વધઘટે રૂપિયો સપાટ રહ્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 16:** કરન્સી બજારમાં આજે બેઉતરફી વધઘટ સાથે સપાટ બંધ રહ્યા હતા. કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો 90.65ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 107.91, પાઉન્ડ 124.17, કેનેડિયન ડોલર 66.65, ઓસ્ટ્રેલિયન ડોલર 64.35, જાપાનીઝ યેન 0.5909 અને સીંગાપોર ડોલર 71.94ના સ્તેર બંધ રહ્યા હતા.

| ફોરેક્સ બજાર | |
|---|---|
| ડોલર | 90.65 રૂ. |
| યુરો | 107.91 રૂ. |
| પાઉન્ડ | 124.17 રૂ. |
| યેન | 0.5909 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 650.39 | 83277.15 |
| નિફ્ટી | 211.65 | 25682.75 |
| બેન્ક નિફ્ટી | 762.45 | 60949.10 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| પાવરગ્રીડ | 4.63 | 300.50 |
| કોલ ઇન્ડિયા | 3.31 | 422.50 |
| એચડીએફસી બેન્ક | 2.42 | 925.80 |
| અદાણી એન્ટર | 2.25 | 2184.60 |
| મેક્સ હેલ્થકેર | 2.11 | 1075.80 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટેક મહિન્દ્રા | 1.41 | 1512.70 |
| મારૂતિ સુઝુકી | 1.22 | 15051.00 |
| બજાજ ફાઇનાન્સ | 1.17 | 1012.75 |
| ટીએમપીવી | 0.79 | 377.25 |
| આઇશર મોટર | 0.68 | 8010.50 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| પાવરગ્રીડ | 4.45 | 300.20 |
| એચડીએફસી બેન્ક | 2.19 | 925.45 |
| એક્સીસ બેન્ક | 1.93 | 1359.50 |
| એનટીપીસી | 1.69 | 369.10 |
| આઇટીસી | 1.39 | 317.95 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટેક મહિન્દ્રા | 1.44 | 1413.10 |
| મારૂતિ સુઝુકી | 1.13 | 15055.10 |
| બજાજ ફાઇનાન્સ | 1.08 | 1013.00 |
| ટ્રેન્ટ | 0.78 | 4218.30 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 0.69 | 3509.40 |

# AIના ડરથી IT કંપનીઓમાં ફફડાટ : TCSનું માર્કેટ કેપ છઠ્ઠા સ્થાને ધકેલાયું

**ભારતીય** આઇટી કંપનીઓને 4.5 લાખ કરોડ રૂપિયાનું નુકશાન થયું

**મુંબઇ, તા. 16:** ભારતીય શેરબજારના ઈતિહાસમાં ફેબ્રુઆરી 2026ને બ્લેક ફેબ્રુઆરી તરીકે યાદ કરી શકાય છે. આ તે મહિનો છે જ્યારે ભારતીય અર્થવ્યવસ્થાની સૌથી મજબૂત કંપનીઓ, ખાસ કરીને આઈટી કંપનીઓને અભૂતપૂર્વ આંચકો લાગ્યો હતો. જે કંપનીઓએ એક સમયે ભારતીય બજારમાં સૌથી વધુ યોગદાન આપ્યું હતું, હવે તે કંપનીઓ માટે બજાર નિર્દય બની ગયું છે. માત્ર થોડાંક સપ્તાહમાં જ દેશની આઈટી ક્ષેત્રની કંપનીઓએ 50 બિલિયન ડોલર એટલે કે લગભગ 4.5 લાખ કરોડ રૂપિયાની માર્કેટ કેપ ગુમાવી દીધી છે.

બજારમાં ઘટાડાને સામાન્ય તરીકે વિચારવું એ ઓછું મૂર્ખતા નથી. આના કેન્દ્રમાં એન્થ્રોપિકનું નવું એઆઇ ટૂલ છે અને રોકાણકારોનો ડર છે કે ભારતીય આઈટી કંપનીઓનું દાયકાઓ જૂનું બિલિંગ મોડેલ હવે પતનના આરે છે. રિલાયન્સ પછી ટીસીએસનું બીજા સ્થાનથી છઠ્ઠા સ્થાને સરકી જવું આ પરિવર્તનની સૌથી મોટી સાક્ષી છે.

ભારતીય શેરબજારના આઈટી શેરોમાં સુનામીનું કેન્દ્ર 30 જાન્યુઆરી 2026 છે. તે જ દિવસે, અમેરિકન એઆઇ કંપની એન્થ્રોપિકે તેના ક્લાઉડ કોવર્ક પ્લેટફોર્મ માટે 11 નવા ઓટોમેશન પ્લગ-ઈન લોન્ચ કર્યા. આ સમાચાર જંગલની આગની જેમ ફેલાયો કારણ કે આ પ્લગ-ઈન મિનિટોમાં કાર્યો કરી શકે છે, જેના માટે ભારતીય આઈટી કંપનીઓએ હજારો ઇજનેરોનો ઉપયોગ કર્યો હતો. તેને વિશ્લેષકો દ્વારા સાસ્પોકેલિપ્સ એટલે કે સોફ્ટવેર સેવાઓનો અંત જેવા નામો આપવામાં આવ્યા છે.

એન્થ્રોપિકના આગમન પછી, વાર્તા બદલાઈ ગઈ છે. તે કંઇક અલગ પર કામ કરી રહ્યું છે. અગાઉ, ડેટાને સાફ કરવા અને વિઝ્યુઅલાઈઝ કરવા માટે અઠવાડિયા અને હજારો ડોલરનો સમય લાગતો હતો, હવે એઆઇ માનવ હસ્તક્ષેપ વિના 2થી 3 દિવસમાં તે જ કામ કરી રહ્યું છે. અને તે પણ મામુલી ખર્ચમાં.

તમે શેરબજારના ડેટા પર નજર કરો તો આખી પરિસ્થિતિ સ્પષ્ટ થઈ જાય છે. ફેબ્રુઆરી 2026ના બીજા અઠવાડિયામાં, આઈટી શેરોમાં કોરોના સમયગાળા (માર્ચ 2020) પછીનો સૌથી વધુ સાપ્તાહિક ઘટાડો નોંધાયો છે. એક સમયે દેશની બીજી સૌથી મૂલ્યવાન કંપની હતી, જે હવે છઠ્ઠા સ્થાને આવી ગઇ છે. તેની માર્કેટ કેપ પણ 10 લાખ કરોડ રૂપિયાના માનસિક સ્તર પર આવી ગઇ છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અને આઈસીઆઈસીઆઈ બેંક હવે તેનાથી ઘણું આગળ વધી ગઈ છે. ટીસીએસ તેની ઓલટાઈમ હાઈથી લગભગ 44 ટકા તૂટી ગયું છે. ઈન્ફોસિસ અને વિપ્રોમાં પણ 30થી 34 ટકાનો તીવ્ર ઘટાડો નોંધાયો છે. નાણાકીય વર્ષ 26 ના પ્રથમ9મહિનામાં, ભારતની ટોચની પાંચ આઈટી કંપનીઓએ ચોખ્ખા ધોરણે માત્ર 17 કર્મચારીઓ ઉમેર્યા છે. સરખામણી માટે, ગયા વર્ષના સમાન સમયગાળામાં આ સંખ્યા 17764 હતી. એન્થ્રોપિકના સીઈઓએ પણ આ અંગે મોટો દાવો કર્યો છે. તેમનું માનવું છે કે આગામી એકથી પાંચ વર્ષમાં 50 ટકા એન્ટ્રી-લેવલ વ્હાઈટ-કોલર નોકરીઓ જેમ કે જુનિયર કોડર, કન્ટેન્ટ રાઈટર દૂર થઈ જશે. બીજી તરફ, નોકરીઓમાં કાર્યક્ષમતા પણ એક સમસ્યા તરીકે ઉભરી આવી છે. દેશમાં 10 એઆઇ નોકરીઓ માટે માત્ર એક જ લાયક એન્જિનિયર ઉપલબ્ધ છે. 2026ના અંત સુધીમાં, 1.4 મિલિયન એઆઇ પ્રોફેશનલ્સની અછત હોઈ શકે છે.

ભારતની આઈટી કંપનીઓના શેરમાં ઘટાડા બાદ બજારમાં હોબાળો મચી ગયો છે. પરંતુ આશાની ઝલક છે. વિશ્વની સૌથી મોટી અને સૌથી પ્રતિષ્ઠિત નાણાકીય સેવાઓ સંસ્થાઓમાંની એક જેપી મોર્ગન આ ઘટાડાને અલગ દ્રષ્ટિકોણથી જોઇ રહી છે. ભારતીય આઈટી કંપનીઓને ટેક જગતની પ્લમ્બર કહેવામાં આવે છે.

તેની ટિપ્પણી શા માટે મહત્વપૂર્ણ છે કારણ કે તે 2.35 ટ્રિલિયન ડોલરથી વધુની સંપત્તિ ધરાવતી સંસ્થા છે. તે યુએસમાં સૌથી મોટી છે અને બજાર મૂડીની દ્રષ્ટિએ વિશ્વની સૌથી મૂલ્યવાન બેંકોમાંની એક છે. તે ઈન્વેસ્ટમેન્ટ બેંકિંગ, એસેટ મેનેજમેન્ટ અને કોમર્શિયલ બેંકિંગ જેવી સેવાઓ પ્રદાન કરે છે.

# સોના-ચાંદીમાં પ્રાઈસ બેન્ડની સંભવાનાએ ગોલ્ડ-સીલ્વર ETFમાં 3 ટકા ઘટાડો

**સેબી** દ્વારા ગોલ્ડ અને સીલ્વર ઇટીએફના તીવ્ર વધઘટને ધ્યાનમાં રાખીને પ્રાઇસ બેન્ડની સમીક્ષા કરવાની દરખાસ્ત કરી

**નવી દિલ્હી, તા. 16:** સોના અને ચાંદી સાથે જોડાયેલા ઈટીએફ આજે ઘટાડો જોવા મળ્યો હતો. કારોબારમાં તીવ્ર ઉછાળા બાદ રોકાણકારોએ આજે નફો બુક કર્યો હતો, જેથી ત્રણ ટકા સુધીનો ઘટાડો નંધાયો હતો. જેનું મુખ્ય કારણ સેબી દ્વારા ગોલ્ડ અને સીલ્વર ઈટીએફના તીવ્ર વધઘટને ધ્યાનમાં રાખીને પ્રાઇસ બેન્ડની સમીક્ષા કરવાની દરખાસ્ત કરી છે. આજે કારોબાર દરમ્યાન એડલવાઈસ સિલ્વર ઈટીએફ લગભગ 3 ટકા નીચે ટ્રેડ કરી રહ્યો હતો. આ સિવાય બંધન સિલ્વર ઈટીએફ, કોટક સિલ્વર ઈટીએફ, આદિત્ય બિરલા સન લાઈફ સિલ્વર ઈટીએફ, આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ સિલ્વર ઈટીએફ, 360 વન સિલ્વર ઈટીએફ, એસબીઆઇ સિલ્વર ઈટીએફ, મિરે એસેટ સિલ્વર ઈટીએફ અને નિપ્પોન ઇન્ડિયા સિલ્વર (સિલ્વરબીઝ)માં 2 ટકાથી વધુનો ઘટાડો જોવા મળ્યો હતો. ગોલ્ડ ઈટીએફમાં પણ નબળાઈ હતી. ચોઈસ ગોલ્ડ ઈટીએફ લગભગ 2% ઘટીને ટ્રેડ કરી રહ્યું છે. તે જ સમયે, એન્જલ વન ગોલ્ડ ઈટીએફ, મોતીલાલ ઓસ્વાલ ગોલ્ડ ઈટીએફ અને કોટક ગોલ્ડ ઈટીએફ સહેજ ઘટાડા સાથે ટ્રેડ કરતા જોવા મળ્યા હતા. જો કે, કેટલાક ગોલ્ડ ઈટીએફમાં પણ મર્યાદિત લાભ જોવા મળ્યો હતો.

# અમેરિકન ફુગાવાના આંકડા બાદ ડોલર મજબૂત, અને સોના-ચાંદીના ભાવો ઘટ્યા

**વાર્ષિક** આધારે જાન્યુઆરીમાં યુએસ ફુગાવો 2.4 ટકા હતો, જે અગાઉના મહિનાના 2.7 ટકાથી નીચે હતો

**મુંબઇ, તા. 16:** અમેરિકન ફુગાવાના આંકડા મુજબ અમેરિકન ડોલરની મજબૂતીના કારણે સોના-ચાંદીના ભાવમાં સોનાનો ઘટાડો થયો હતો. એમસીએક્સ ગોલ્ડ એપ્રિલ વાયદો 0.56 ટકા ઘટીને 155023 રૂપિયા પ્રતિ 10 ગ્રામ પર બંધ રહ્યો હતો. દરમિયાન, એમસીએક્સ સિલ્વર માર્ચ વાયદો 1.99 ટકા ઘટીને 239501 રૂપિયા પ્રતિ કિલોગ્રામ પર બંધ રહ્યો હતો. જાન્યુઆરીમાં, યુએસ સીપીઆઈમાં નરમાશને ધ્યાનમાં રાખીને ડોલર ઈન્ડેક્સ 0.10 ટકા વધીને 97 પર બંધ રહ્યો હતો. આ ઈન્ડેક્સને અગાઉ મજબૂત જોબ્સ ડેટા દ્વારા ટેકો આપવામાં આવ્યો હતો, જે આંતરિક આર્થિક સ્વાસ્થ્યનો સંકેત આપે છે. મજબૂત ડોલરે ગ્રીનબેક-કિંમતવાળા બુલિયનને અન્ય ચલણ ધારકો માટે વધુ ખર્ચાળ બનાવ્યું.

ડિસેમ્બરમાં 0.3 ટકાના વધારા બાદ જાન્યુઆરીમાં યુએસ સીપીઆઈ 0.2 ટકા વધ્યો હતો.

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| પ્રફુલ/સાલાસર/કેપલોન | રૂા. | ૭૫/૩૬ ’’ | ૧૧૧ | ----- | --- |
|---|---|---|---|---|---|
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૩૩ | ૫૦/૩૬ ’’ | ૧૨૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૨૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૩૮ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૮૫ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૧૪.૫૦ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૬૧ |
| ૬૮/૩૬ | ૧૧૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૨ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૧૮ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૧૨ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૧૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૧૩ | ૮૦/૭૨ રોટો | ૧૨૦ | ૭૫ ક્રિમ્પ | ૧૧૬ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૫૮ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૨૯ | ૮૦ ક્રિમ્પ | ૧૧૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૧૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૨૯ | ૮૦/૭૨ રોટો | ૧૧૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૧૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૨ | ૮૦/૧૦૮ ’’ | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૧૬ |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૭૮૦ | કોપરેલ | ૬૩૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૫૮૦ | વનસ્પતિ ઘી | ૨૩૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૩૦ | સનફ્લાવર | ૨૩૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૩૯૦ | તલતેલ | ૪૯૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૧૫૦ | દિવેલ | ૨૪૯૦ |
| કપાસીયા (૫ લિ.) | ૭૮૦ | મકાઇ તેલ | ૨૩૫૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૩૦૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૯૧૦૦ |
| તેજાબી સોનું | ૧૫૯૦૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૫૧૧૪૫ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૫૫૯૨૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૯૧૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૪૮૧૦૦ |
| ચાંદી સિક્કા | ૨૪૯૬૦૦ |

# વિરોધની પરવા કર્યા વિના ભારત સરકારે ફરીથી રાફેલ વિમાન ખરીદવાનું કેમ પસંદ કર્યું?




પહેલી વખત રાફેલની ખરીદી ઉપર ભ્રષ્ટાચારના આક્ષેપો છતાં ભારત સરકારે પોતાની સેનાને મજબૂત બનાવવા માટે ૩.૬૦ લાખ કરોડ રૂપિયાના સંરક્ષણ ખરીદીના પ્રસ્તાવને લીલી ઝંડી આપી દીધી છે. આમાં વાયુસેના માટે ૧૧૪ નવાં દસોલ્ટ રાફેલ ફાઇટર જેટ વિમાનો અને નૌકાદળ માટે બોઈંગના P-8I નેપ્ચ્યુન રિકોનિસન્સ એરક્રાફ્ટની ખરીદીનો પણ સમાવેશ થાય છે. તેનું કારણ એ છે કે પાકિસ્તાન સહિતના પડોશી દેશો સાથે વધતા તણાવને કારણે ભારતીય સેના પર આધુનિકીકરણ તરફ ઝડપથી આગળ વધવાનું દબાણ વધ્યું છે. ૧ ફેબ્રુઆરીના રોજ રજૂ કરાયેલા બજેટમાં પણ આ વાત પ્રતિબિંબિત થઈ હતી, જ્યારે સંરક્ષણ ખર્ચમાં વધારાની જાહેરાત કરવામાં આવી હતી. ભારતના સંરક્ષણ બજેટમાં ૧૫ ટકાનો વધારો કરવામાં આવ્યો હતો, જે આશરે ૮૫ અબજ ડોલર સુધી પહોંચ્યો હતો. તાજેતરના મહિનાઓમાં ભારતીય વાયુસેનાના ફાઇટર સ્ક્વોડ્રનની સંખ્યા પણ ઘટીને ૨૯ થઈ ગઈ છે. વાયુસેનાના વિશ્વસનીય મિગ-૨૧ વિમાનને ગયા સપ્ટેમ્બરમાં સ્ક્વોડ્રનમાંથી તબક્કાવાર બહાર કરવામાં આવ્યું હતું અને મિગ-૨૯, એંગ્લો-ફ્રેન્ચ જગુઆર વિમાન અને દસોલ્ટના મિરાજ ૨૦૦૦ ના પ્રારંભિક વિમાનોને પણ આગામી વર્ષોમાં તબક્કાવાર બહાર કરવામાં આવશે. ભારત લાંબા સમયથી તેના સશસ્ત્ર દળો માટે શસ્ત્રોની આયાત પર આધાર રાખે છે, પરંતુ તાજેતરનાં વર્ષોમાં સ્થાનિક ઉત્પાદન પર ભાર મૂકવામાં આવ્યો છે. આ જ કારણે ૧૧૪ નવા રાફેલ ખરીદવાના સોદાને પણ એક મહત્ત્વપૂર્ણ સોદા તરીકે જોવામાં આવી રહ્યો છે, જે ભારતીય વાયુસેનાની તાત્કાલિક જરૂરિયાતોને પૂર્ણ કરી શકે છે. રાફેલ ખરીદીને મંજૂરી મળ્યા પછી ભારતના સંરક્ષણ સચિવ રાજેશ કુમારે જણાવ્યું હતું કે પ્રથમ વખત રાફેલ વિમાનનું ઉત્પાદન ફ્રાન્સની બહાર મોટા પાયે સ્વદેશીકરણ સાથે કરવામાં આવશે. અમે ઓછામાં ઓછા ૪૦ થી ૫૦ ટકા સ્વદેશીકરણની માંગણી કરી રહ્યા છીએ. મેક ઇન ઇન્ડિયા હેઠળ રાફેલનું ઉત્પાદન ફ્રાન્સની બહાર સરકાર-થી-સરકાર કરાર દ્વારા કરવામાં આવશે.

આ સોદા માટે મંજૂર કરાયેલાં માળખાં મુજબ, ૧૧૪ રાફેલ જેટમાંથી ૧૮ સીધા ફ્રાન્સથી ભારત મોકલવામાં આવશે. બાકીનાં ૯૦ થી વધુ વિમાનોનું ઉત્પાદન મેક ઇન ઇન્ડિયા પહેલ હેઠળ ભારતમાં કરવામાં આવશે. ફ્રાન્સ સાથેના નવા કરાર સાથે ભારત પાસે ૧૭૬ રાફેલ વિમાન હશે, જેમાંથી ૩૬ ભારતીય વાયુસેના સાથે કાર્યરત છે. વધુમાં, ભારતીય નૌકાદળે ૨૬ રાફેલ મરીન જેટનો ઓર્ડર આપ્યો છે. સંરક્ષણ નિષ્ણાત રાહુલ બેદી આ કરારને સકારાત્મક માને છે પરંતુ તેમના મતે તેમાં કંઈ નવું નથી. ૨૦૦૭-૨૦૦૮માં દસોલ્ટ સાથે ૧૨૬ વિમાનોના સોદા માટે વાતચીત શરૂ થઈ હતી. તે સમયે, તેને MMRCA કહેવામાં આવતું હતું, જેનો અર્થ મીડિયમ મલ્ટી રોલ કોમ્બેટ એરક્રાફ્ટ હતો. ૧૨૬ જેટ ખરીદવાનાં હતાં, જેમાંથી ૧૮ સીધાં મોકલવાનાં હતાં અને બાકીનાં ૧૦૮ જેટ હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ દ્વારા બનાવવામાં આવવાનાં હતાં. તે સમયે આ કરાર માટે છ વિમાન ખરીદવામાં આવ્યાં હતાં, જેમાંથી રાફેલની પસંદગી કરવામાં આવી હતી. ૨૦૧૧-૨૦૧૨માં HAL અને દસોલ્ટ વચ્ચે વાતચીત શરૂ થઈ હતી, પરંતુ થોડાં વર્ષોમાં સરકાર બદલાઈ ગઈ હતી અને ભાજપ સત્તામાં આવી હતી. ભાજપ સરકારે ૨૦૧૫-૧૬માં આ કરાર રદ કર્યો હતો અને તે કરારની જગ્યાએ સીધા ૩૬ રાફેલ આયાત કર્યા હતા. ૧૧૪ રાફેલની ખરીદી માટે આપવામાં આવેલી મંજૂરી એક રીતે જૂના કરારને પુનર્જીવિત કરવા જેવી છે.

૧૯૯૯માં કારગિલ યુદ્ધ પછી ભારતીય વાયુસેનાએ શક્ય તેટલી વહેલી તકે વધુ આધુનિક ફાઇટર જેટની જરૂરિયાત વ્યક્ત કરી હતી. તે સમયે, ફ્રાન્સનું મિરાજ-૨૦૦૦ ભારતીય વાયુસેનાનાં સૌથી વિશ્વસનીય ફાઇટર જેટ તરીકે ઉભરી આવ્યું હતું. મિરાજ પણ દસોલ્ટ દ્વારા બનાવવામાં આવ્યું હતું, જે રાફેલ બનાવતી કંપની છે. મિરાજ-૨૦૦૦ એ પણ ફાયદાકારક હતું કારણ કે તે રશિયાના Su-20MKI સ્ક્વોડ્રન કરતા હલકું હતું. દસોલ્ટે તક સમજીને ભારતને સંપૂર્ણ એસેમ્બલી લાઇન ટ્રાન્સફર સાથે અપગ્રેડેડ એરક્રાફ્ટ ઓફર કર્યું હતું. આ પછી તત્કાલીન અટલ બિહારી વાજપેયી સરકારે સીધાં મિરાજ વિમાન ખરીદવાને બદલે ભવિષ્યલક્ષી સ્પર્ધા દ્વારા આવાં વિમાન ખરીદવાની યોજના બનાવી. તે સમયે, સરકારનો મીડિયમ મલ્ટી-રોલ કોમ્બેટ એરક્રાફ્ટ પ્રોગ્રામ શરૂ થયો હતો. આ પ્રક્રિયામાં છ જેટનો સમાવેશ કરવામાં આવ્યો હતો, જેમાંથી રાફેલની પસંદગી કરવામાં આવી હતી. ૨૦૧૦ માં યુપીએ સરકારે ફ્રાન્સ પાસેથી રાફેલ ફાઇટર જેટ ખરીદવાની પ્રક્રિયા શરૂ કરી હતી. ૨૦૧૪માં મોદી સરકારે યુપીએ સરકારને સત્તામાંથી કાઢી મૂકી હતી. સપ્ટેમ્બર ૨૦૧૬ માં ભારતે ફ્રાન્સ સાથે ૩૬ રાફેલ જેટ માટે સોદો કર્યો હતો. ત્યાર બાદ રાહુલ ગાંધી વગેરે દ્વારા મોદી સરકાર પર ભ્રષ્ટાચારના આક્ષેપો લગાડવામાં આવ્યા હતા.

રાફેલની ખરીદીને એવા સમયે મંજૂરી આપવામાં આવી છે, જ્યારે ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોન ૧૭-૧૯ ફેબ્રુઆરી દરમિયાન ભારતની મુલાકાતે આવશે. એપ્રિલની શરૂઆતમાં ભારતે ૨૬ રાફેલ મરીન ટ્વીન અને સિંગલ-સીટ જેટનો પણ ઓર્ડર આપ્યો હતો, જે INS વિક્રાંત અને INS વિક્રમાદિત્ય પર તૈનાત કરવાનાં છે. ગયાં વર્ષે ભારતે તેના પાડોશી પાકિસ્તાન સાથે સંઘર્ષ જોયો હતો અને રાફેલ પણ સમાચારમાં હતું. પાકિસ્તાને એક કરતાં વધુ ભારતીય લડાકુ વિમાનોને તોડી પાડવાનો દાવો કર્યો હતો, જેને ભારતે સ્વીકાર્યો ન હતો. એવું પણ કહેવામાં આવ્યું હતું કે પાકિસ્તાનના ચીની J-10 ફાઇટર જેટ રાફેલ કરતાં શ્રેષ્ઠ સાબિત થયા હતા. જોકે, ભારતે હજુ સુધી સ્પષ્ટતા કરી નથી કે સંઘર્ષમાં રાફેલ વિમાનને નુકસાન થયું હતું કે નહીં.

ઓર્ગેનાઇઝેશન રિસર્ચ ફાઉન્ડેશનના સંરક્ષણ નિષ્ણાત મનોજ જોશી કહે છે કે જો આપણે વિમાન જાતે બનાવ્યું હોત તો સારું થાત, પરંતુ જો તે શક્ય ન હોય તો રાફેલ ઠીક છે. એવા સમાચાર હતા કે F-35 અમેરિકાથી આવી રહ્યું છે, પરંતુ ફક્ત રાફેલ પર જ અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું. ફક્ત જેટ જ આવતું નથી, તેની સાથે ટેક્નોલોજી, જાળવણી, સ્પેર પાર્ટ્સ જેવી બાબતોનો પણ વિચાર કરવો પડે છે. આધુનિક ફાઇટર એરક્રાફ્ટમાં સોફ્ટવેર અપડેટ્સ હોય છે. જો અમેરિકા કાલે આ બધું પૂરું પાડવાનો ઇનકાર કરે અથવા કોઈ પ્રકારનો પ્રતિબંધ લાદે તો શું થશે? પરંતુ ફ્રાન્સના રાફેલનું હવે પરીક્ષણ કરવામાં આવ્યું છે. રાહુલ બેદી પણ રાફેલ પર સટ્ટો લગાવવાનું યોગ્ય ઠેરવે છે. તેઓ કહે છે કે અન્ય વિમાનો સાથે સ્પર્ધામાં રાફેલની પસંદગી અગાઉ કરવામાં આવી હતી, પરંતુ આ વખતે રાફેલ સીધી ખરીદવાની વાત છે. જો વિમાનનું પરીક્ષણ કરવામાં આવે તો તેમાં પણ લગભગ દોઢ વર્ષનો સમય લાગશે. આનો અર્થ એ કે આ સમય બચી જશે. વાયુસેના જે સૌથી મોટી સમસ્યાનો સામનો કરી રહી છે તે એ છે કે તેની પાસે હાલમાં ૨૯ ફાઇટર સ્ક્વોડ્રન છે, પણ ૪૨ હોવા જોઈએ. આ ૨૯ સ્ક્વોડ્રનમાંથી ૮-૧૦ નિવૃત્તિના આરે છે. જગુઆર વિમાનના છ સ્ક્વોડ્રન છે, જે ૧૯૭૦ અને ૮૦ના દાયકામાં સામેલ કરવામાં આવ્યા હતા.

ભારતીય વાયુસેના એકમાત્ર એવી વાયુસેના છે જે જગુઆરનો ઉપયોગ કરી રહી છે. મિરાજ-૨૦૦૦ ને તાજેતરમાં અપગ્રેડ કરવામાં આવ્યું હતું, પરંતુ તે હજુ પણ ૫-૬ વર્ષથી વધુ ચાલશે નહીં. રશિયાના મિગ-૨૯ ને પણ અપગ્રેડ કરવામાં આવ્યું છે, પરંતુ તેનું કાર્યકારી જીવન પણ ૫-૭ વર્ષ સુધી મર્યાદિત છે. તેજસ હળવાં લડાયક વિમાન જેવાં સ્વદેશી જેટ પણ સતત વિલંબનો સામનો કરી રહ્યા છે. તેજસ કાર્યક્રમ ૧૯૮૧ થી ચાલુ છે. લગભગ ૪૫ વર્ષમાં ફક્ત બે તેજસ સ્ક્વોડ્રન રહ્યા છે. ત્રીજું હવે તૈયાર છે, પરંતુ તેને સામેલ કરવામાં સમય લાગશે.

બુધ પોઇન્ટ ■ સમકિત શાહ ■

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**રાફેલ ખરીદીને મંજૂરી મળ્યા પછી ભારતના સંરક્ષણ સચિવ રાજેશ કુમારે જણાવ્યું હતું કે પ્રથમ વખત રાફેલ વિમાનનું ઉત્પાદન ફ્રાન્સની બહાર મોટા પાયે સ્વદેશીકરણ સાથે કરવામાં આવશે**


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹ ૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

**જમીન પુરાણ માટેનો**
મલબો (માટી)નો મોટો જથ્થો વ્યાજબી ભાવે મેળવવા માટે સંપર્ક કરો સંપર્ક સમય સવારે ૧૦થી ૬ મો. 9998816308

**કબુતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**પાપડ અચાર**
સુરતમાં વાલોડના પ્રખ્યાત પાપડ અને અચાર હોલસેલ ભાવ માં છુટક મળશે. Free Home Dilevery Mo. 9099645605 Surat. Bhagal (797)

**ઘરબેઠા TV, LCD,**
LED રીપેરીંગ. દરેક વિસ્તારમાં. દામીની ઈલેક્ટ્રોનિક્સ, અડાજણ. 9898302700

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**વુલન સ્વેટરો,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, શાલ, બ્લેન્કેટ હોલસેલ ભાવે, ખોલવડવાલા, ડબગરવાડ, સુરત.

મિલ્કત લે-વેચ

**હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં**
756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500 (118)

નોકરી વિષયક WANTED

**પટાવાળા જોઈએ છે**
સી. એ. ઓફિસ માટે એસએસસી પાસ- નાપાસ પટાવાળા જોઈએ છે. મળો. જશવંત પી. પટેલ એલ- ૧૦, જલદર્શન ટાવર બહુમાળીની બાજુમાં નાનપુરા સુરત (832)

**દવાખાના માટે**
જેન્ટ્સ સ્ટાફની જરૂર છે. UL-1, સિલ્વર પ્લાઝા કોમ્પ્લેક્સ, રુપાલી સિનેમા સામે, રાંદેરરોડ (836)

FOR Sell
70,000/- ના માસિક ભાડામાં
કોર્પોરેટ કંપનીને ૯ થી ૧૨ વર્ષની લોંગ લીઝ પર આપેલ ઓફિસ
પાર્લે પોઈન્ટ મેઈન રોડ પર
Dhaval Cyclewala 98980 24032

**ભરૂચ અંકલેશ્વર**
અને તેની આજુ બાજુના ગામોમાં એફએમસીજી B2B ઓર્ડર લાવી શકે તેવા અનુભવી કે બિન અનુભવી સેલ્સમેન કે સેલ્સગર્લની તાત્કાલિક જરૂર છે. પગાર ધોરણ લાયકાત મુજબ ૧૮૦૦૦ + પેટ્રોલ ૩૦૦૦ આકર્ષક ઈન્સટીવ મળશે. મોબાઈલ : ૯૯૧૩૮૭૯૩૩૩, ૯૫૮૬૭૪૫૭૫૫

**જોઇએ છે**
હાર્ડવેર નેટવકકિંગ એન્જિનિયર કોમ્પ્યુટર સ્ટોર સર્વિસ સેન્ટર માટે અને ડિલિવરી બોય. યશ્વી ઈન્ફોટેક (નાનપુરા) 9824651603

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**હિમાલયા હોલીડે**
(1) ચારધામ યાત્રા મેં મહિનામાં (2) કાશ્મીર (3) શિમલા મનાલી (4) દાર્જીલિંગ ગેંગટોક, પેલીગ Mo:- 9427803273/ 9825142005 (812)

દુકાન-શોરૂમ
1070 sft કાર્પેટ
ગ્રાઉન્ડ ફ્લોર Ola સ્કૂટરવાળી જગ્યા ઉઘના દરવાજા રીંગરોડ ભાડે આપવાની છે.
9558555655, 9898055655

**ચારધામ યાત્રા**
જુનું અને જાણીતું નામ કિંજલ શાહ સંગાથે માણો (ચારધામ યાત્રા- કેદારનાથ, બદ્રીનાથ, યમનોત્રી, ગંગોત્રી સાથે હરિદ્વાર અને ઋષિકેશ) (કાશ્મીર) (કેરાલા) પહાડો હોયકે બીચ માણો મજા સુરતી સ્વાદ અને રસોઈયા સાથે. બુકિંગ ચાલુ થઈ ગયું છે. JOY ENJOY TRAVEL PLANNER. કિંજલ શાહ. 9426157371

**સ્વપ્ન ટ્રાવેલ્સ**
(1) ઉત્તરાખંડ, ચારધામ યાત્રા , બદ્રીનાથ, કેદારનાથ, યમનોત્રી, હરિદ્વાર, ઋષિકેશ. દિવસ- 15, તારીખ- 21/4, 3/5 અને 15/5/2026, રેલ્વે ટીકીટ બુકીંગ 60 દિવસ પહેલા થાય છે. (2) રોયલ કાશ્મીર, શ્રીનગર, ગુલમર્ગ, સોનમર્ગ, પહેલગામ, સાથે વૈષ્ણોદેવી. તારીખ- 10/3, 15/03/2026, દિવસ- 10/11 ,સંપુર્ણ સગવડતા સહિતના પ્રવાસ. મળો- દિપકભાઈ બોડીવાલા, યોગી કોમ્પ્લેક્ષ, તાપી હોસ્પિટલ સામે, ન્યુ રાંદેરરોડ, સુરત.: 9825144143

મિલ્કત વેચવાની છે

**વેચવાનું છે**
કોર્નરનું રોહાઉસ 236 ચો.વાર, 3 કાર પાર્કિંગ, 3 મા- બેડરૂમ, હોલ, કીચન, સ્ટોર, સોલાર, ફુલ્લી ફર્નીશ 4 એસી મહાલક્ષ્મી મંદિર પાસે, આનંદમહેલ રોડ, અડાજણ, સુરત. દલાલ માફ. 9426807658 (837)

મિલ્કત ભાડેથી

**ઓફિસ ભાડે/ લીઝથી**
આપવાની છે. કોર્પોરેટ અને પ્રોફેશનલ માટે અનુકૂળ. 827 Sq.ft કાર્પેટ. સોલારીસ ધ એડ્રેસ. બીજા માળે, પીપલોદ. 9377593855

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.